# ગઝલ

## ડૉ. કીશોર મોદી

**.1.**

મન કંઈ નથી વીચારના વાઘાનું રાજ છે,
કહો ચોતરફ કબીરના ધાગાનું રાજ છે.

હંમેશ ફુલ જેવું સ્મીત બહેલાવતો રહું,
જીગરમાં ચાંદની સમી ધારાનું રાજ છે.

શબ્દો વળી પરાણે પોપટીયા સુહાવું છું,
કારણ કે આસપાસમાં શ્લાઘાનું રાજ છે.

અભીમાન ને અહમ્ નથી, રાખી દો જુદાપણું,
સંઘર્ષનું નહીં; અહીં સમતાનું રાજ છે.

'કીશોર' જીન્દગીમાં એમ ગણો તો કંઈ નથી,
સંબંધ–લાગણી બધું ઈચ્છાનું રાજ છે.

**.2.**

જન્મજાત મનમાં ઘણુંય છે,
આપણા સમયમાં ઘણુંય છે.

લ્યો, બધું સમયથી વીચારજો,
આસપાસ સુખમાં ઘણુંય છે.

આજકાલ સુખનું કહેવું છે,
પંડ્યના હરખમાં ઘણુંય છે.

રોજની હરખતી સવારમાં,
મંદ મંદ લ્હરમાં ઘણુંય છે.

લ્હેરથી નીત 'કીશોર' જીવીને,
મુઠ્ઠી જીવતરમાં ઘણુંય છે.

## .3.

અંધશ્રદ્ધાતૃપ્ત સ્ત્રી છે તુંબડી કે,
ઝોળીમાં નકરા ભરમની ભુરકી છે ?

કુંવરી વ્યવહારમાં છે કુંજરી કે,
ખાલી મોઢામોઢ વટની ચુસકી છે ?

છોભીલા સમયે ગળી છે કુથલી કે,
ચાડીચુગલીની પરાણે ચુપકી છે ?

બુદ્ધીનું બસ, બારમું છે ધુમ્મસી કે,
ખોટી અક્કલની ભરેલી ગુજરી છે ?

ખુદ ધરમની ઉલટી છે ફુદડી કે,
ગોંધતી ‘કીશોર’ ભવની ઘુમરી છે ?

## .4.

જીવું છું આંજણ શી ભીનાશે ભીનાશે,
જીવું છું પાંપણ શી ભીનાશે ભીનાશે.

ટોડલે લીલપ પ્રતીક્ષાની મહેકતી,
જીવું છું તોરણ શી ભીનાશે ભીનાશે.

હા, ડુમાવશ યાદપુર્તીને સુહાવી,
જીવું છું પારણ શી ભીનાશે ભીનાશે.

પાદરે વાતાસની સ્ફુર્તી શ્વસીને,
જીવું છું માંડણ* શી ભીનાશે ભીનાશે.

લાભશુભના કંકુથી વરસોને સ્મરતાં,
જીવું છું તારણ શી ભીનાશે ભીનાશે.

ત્રસ્ત છે એકલપણું એવું કે ‘કીશોર’,
જીવું છું ખાંજણ શી ભીનાશે, ભીનાશે.
(* ગામના પાદરનો પાણીથી ભરાયેલો ખાડો)

### .5.

હું ઓમકાર કે અહમનો સ્વર છું, બોલ તું,
સાગરનો નાદ કે નદીથી તર છું, બોલ તું.

મારે અતીક્રમીને જાવું તો છે આરપાર,
નીજ મનની હું બહાર કે અંદર છું, બોલ તું.

જળ જેમ રહે કમળ ઉપર, તું તેમ પર છે પણ,
માયાનો હર જનમ કાં મુસાફર છું ? બોલ તું.

દુનીયામાં કોકીલા સમાણો કંઠ છું છતાં;
પામરપણાનો શીદને શાયર છું ? બોલ તું.

સાદર પ્રતીત થાય તુજ સંપુર્ણતા મને,
કઈ ખુશીમાં ઝુમતો ચામર છું ? બોલ તું.

આ જીન્દગીનો જાદુગર અણમોલ છે તું ,
કેવો હુંયે ગહનનો ઉજાગર છું ! બોલ તું .

ઔદાર્યની અખુટ ગાગર હોઉં છું 'કીશોર',
કયા પોતની પરમ ઝલક ભીતર છું ? બોલ તું.

### .6.

ભુલવા સમું બધું ભુલી જાઉં,
એવી કૈં પળ થઈ ઝુલી જાઉં.

મોગરે મઘમઘી જઈ પાછો,
ભીતરે ઘડીકમાં ડુબી જાઉં.

આમ તો તક અપાર મળી છે,
થાય કે વીહગ થૈ ઉડી જાઉં.

આયખું અમૃતભર્યું મળ્યું છે,
એ સ્મરી સ્મરી હુંયે ઝુમી જાઉં.

બહાર નીકળવું છે, પુછું તેથી;
બીંબથી કઈ રીતે કુદી જાઉં ?

તારી યાદ લઈ ઘુમું 'કીશોર',
નામને હરપળે ચુમી જાઉં.

.

## .7.

એક પળ જેવું આવ્યું કોઈ,
કંઈ પલક જેવું આવ્યું કોઈ.

હોઠ વીસ્મયથી મરમરી ઉભા,
આ હરફ જેવું આવ્યું છે કોઈ.

ઓરડે દશ્ય મઘમઘી ઉઠ્યાં,
જ્યાં કમળ જેવું આવ્યું છે કોઈ.

ટેરવે કૈંક સળવળી ઉઠ્યું,
અહીં ગઝલ જેવું આવ્યું છે કોઈ.

સાંજને મેં તરસથી ચીતરી છે,
ને સ્મરણ જેવું આવ્યું છે કોઈ.

ફુલ માફક ઝુલી જઉં 'કીશોર'
બસ, પવન જેવું આવ્યું છે કોઈ.

## .8.

કોઈ નવો વીષય મળે, તો હું ગઝલ લખું,
નવરાશનો સમય મળે, તો હું ગઝલ લખું.

હું મોકળા મને સુરજને એવું કહી દઉં,
તારા સમી ઝલક મળે, તો હું ગઝલ લખું.

સામેથી ચાલીને તું એકાએક ભેટી જાય,
પણ દષ્ટીનાં કમળ મળે, તો હું ગઝલ લખું.

આઠે પ્રહર આ વાવ સ્મરણની ઉલેચતાં,
સાંન્નીધ્યની પરબ મળે, તો હું ગઝલ લખું.

હું ક્યાં સુધી વીચારની આ હેલ લઈ ફરું ?
ભાષાભવન સકળ મળે તો હું ગઝલ લખું.

## .9.

માંડીને હર વાત, ઘર કહેતું મને,
ગામની પંચાત, ઘર કહેતું મને.

હર અજંપાથી ખરેખર છુટવા,
કર તું મનને મ્હાત, ઘર કહેતું મને.

જ્યાં ઉંમર તારી થવા આવી પછી,
છોડ ચંચુપાત, ઘર કહેતું મને.

જોતજોતામાં અવસ્થા આવી ગઈ,
હોય ના આઘાત, ઘર કહેતું મને.

આદમી અદનો પ્રથમથી છું કીશોર,
શી છે મુજ વીસાત? ઘર કહેતું મને.

આમ મનમાની બહુ કરી તેં 'કીશોર'
ને હવે થઈ રાત, ઘર કહેતું મને.

## .10.

ક્ષુબ્ધ કાં તું ? પીપળાનું, પુછવું છે,
એ જ પાછું ઓરડાનું, પુછવું છે.

આટલો ગંભીર ક્યારે થઈ ગયો તું ?
બાળપણના ચોતરાનું, પુછવું છે.

રીક્તતાની પીડ મુંઝવતી તનેયે !
સ્મીત ક્યાં છે આપવાનું, પુછવું છે.

કોઈ કલરવ આજ પીમળાતો નથી અહીં,
ક્યાં ગયાં સૌ ચાડીયાનું, પુછવું છે.

ધ્યેય વીનાનું જીવન દેખાતું 'કીશોર',
ક્યાં છે જુસ્સો પાળીયાનું, પુછવું છે.

ડૉ. કીશોર મોદી

**કવીનું સર્જનઃ** વિજ્ઞાનની વીભુતીઓ (જીવનચરીત્રો): ૧૯૭૬; જલજ (ગઝલસંગ્રહ): ૧૯૮૩; વીરાટ વીજ્ઞાનીઓ (જીવનચરીત્રો): ૧૯૯૧, ૨૦૧૧; મધુમાલીકા (ગઝલસંગ્રહ): ૧૯૯૫; મોહીની (ગઝલસંગ્રહ): ૨૦૦૫; એઈ વીહલા ! (ગામઠી કાવ્યસંગ્રહ): ૨૦૦૮; 'એક લીલી પળ અતીતની' ૨૦૧૨; 'અંઈ વખતની લીલીહુકી વાત છે' (ગામઠી ગઝલસંગ્રહ -); (બીજી આવૃત્તી ૨૦૧૩); 'નામ મારું ટહુકાતું જાય છે' (વૃત્ત ગઝલસંગ્રહ-) –પ્રકાશ્ય

**કવી–સંપર્કઃ**
1407, New York Ave., Glen Allen, VA 23060-3816 (USA), Phone # (804) 212-1224,
Email: kishoremodi@gmail.com

@@@@@

'સન્ડે ઈ–મહેફીલ'ના આ ગઝલઅંકના અતીથી સમ્પાદક અને સંકલનકાર સુરતના યુવાગઝલકાર ભાઈ શ્રી ગૌરાંગ ઠાકર (gaurang_charu@yahoo.com )નો ખુબ ખુબ આભાર.. –ઉત્તમ ગજ્જર

@@@

'સન્ડે ઈ – 'મહેફીલ.વર્ષ : દસમું – અંક : 316 – February 22, 2015

'ઉંઝાજોડણી' માં સાભાર અક્ષરાંકન : શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com

@

Now Available In eBook Format !

The Special Gift of 'Soul Food For Mind' now available.

The immensely popular and life-enriching 'Sunday eMahefil' is now available in eBook version. Over the last nine years, 'SeM' has carefully curated and showcased the best work of more than 260 writers from across the globe. A large number of 'SeM' readers consistently requested a complete book version of 'SeM'. Adhering to the ardent demands of readers, the collected edition of 'SeM' are now being made available.

Eleven eBooks are being presented with 25 'SeM's in each eBook. These eBooks will give joy and satisfaction to the passionate readers of 'SeM'. Readers can now relish all the 'SeM's via the Gujaratilexicon eBook link:http://www.gujaratilexicon.com/ebooks/.

More than 3,12,07,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 42,16,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 7,35,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 1,38,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@